શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૪
અંક : ૧

## ૨૬ મી જાન્યુઆરી / પ્રજાસતાકદિન

આપણે વર્ષ દરમિયાન ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય તહેવારો ઉજવીએ છીએ.૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરી આપણા મહત્વના રાષ્ટ્રીય તહેવારો છે. દરેક તહેવારો દેશમાં આનંદ અને ઉલ્લાસથી ઉજવાય છે. ૧૫મી ઓગષ્ટ ૧૯૪૭ ના દિવસે આપણો દેશ આઝાદ થયો હતો. ત્યાર પછી બંધારણ સમિતિની રચના કરવામાં આવી હતી. ૨૬મી જાન્યુઆરી ૧૯૩૦ ના દિવસે લાહોરમાં રાવી નદીના કિનારે એક સભા યોજવામાં આવી હતી. તે વખતે જવાહરલાલ નેહરું તેના અધ્યક્ષ હતા આ સભાની અંદર પૂર્ણસ્વરાજની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી, એ બનાવની સ્મૃતિમાં ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ આપણો દેશ લોકશાહી પ્રજાસતાક દેશ બન્યો હતો. આ માટે દર વર્ષ આ દિવસ પ્રજાસતાક દીન તરીકે ઉજવાય છે. ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ એક ભારતીય ઈતિહાસમાં સૌથી મહત્વપૂર્ણ દિવસ છે. કારણકે તે દિવસે ભારત બંધારણની રચના કરવામાં આવી હતી.

## સ્વામી વિવેકાનંદ

સ્વામી વિવેકાનંદનું મૂળ નામ નરેન્દ્રનાથ, જન્મ ૧૮૬૩. તેઓને રામકૃષ્ણ પરમહંસ જેવા જ્ઞાની ગુરુ મળ્યા. પોતાનું જીવન સમાજસેવા તથા રાષ્ટ્રસેવા માટે સમર્પિત કરી દીધું. ૧૮૯૭માં તેમણે રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી. તેમણે યુરોપ, ચીન, અમેરિકા વગેરે દેશોમાં ભારતીય ધર્મ અને સંસ્કુતિનો પ્રચાર કર્યો. દેશ વિદેશમાં મઠોની સ્થાપના કરી. તેમણે ઉઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડયા રહોનો સંદેશો આપ્યો. હિંદુ ધર્મને સનાતન કે વિશ્વધર્મ તરીકે પ્રસ્થાપિત કરી શકાય તે રીતે તેમણે વેદો–ઉપનિષદો અને પૂરાણમાંથી સંસ્કૃતિ,પરંપરા, તમામ શાસ્ત્રો, રાજનીતી અને વિજ્ઞાનના રહસ્યોની સમજૂતી આપી હતી.

ઈ.સ.૧૯૦૨માં માત્ર ૩૯ વર્ષની યુવાન વયે સ્વામીજીનું અવસાન થયું.

સ્વામી વિવેકાનંદની આ વર્ષ ૧૫૦મી જન્મજયંતિ દેશભરમાં ઉજવાશે.

ગાંધીજી દ્વારા પ્રચલિત થયેલ દરિદ્રનારાયણ શબ્દ સ્વામી વિવેકાનંદની દેન છે.

**ચંદ્ર અને ચંદન કરતાં પણ સજજનોની સંગતિ વિશેષ શીતળ હોય છે.**

## જીવનની ગુણવતા

અસંગઠીત વર્ગની બહેનો માટે ભારત સરકારશ્રીના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા રચાયેલ સેન્ટ્રલ બોર્ડ ફોર વર્કર્સ એજયુકેશન(સીબીડબલ્યુઈ) મારફત ચાંપાથળ મુકામે અનૂસૂચિત જાતિના ૪૦ મહિલાઓ માટે તા. ૯–૧૦ જાન્યુ ૧૨ દરમ્યાન શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના સંયુકત ઉપક્રમે તાલીમ યોજાઈ હતી. જેનું સંચાલન શ્રી ધીરેશ એમ.પાઠક (એજયુકેશન ઓફિસર, સીબીડબલ્યુઈ) એ કર્યુ હતુ. બે દિવસના આ તાલીમ કાર્યક્રમમાં અસંગઠીત બહેનોને શ્રમ અને રોજગાર સંબંધી મુશ્કેલીઓના નિવારણને ઘ્યાનમાં લઈ જીવનની ગુણવતાના મુદે સક્ષમ બનાવવાના ઉદેશથી આ કાર્યક્રમ યોજાયો હતો.




સંસ્થાવતી સંચાલન પ્રકિયામાં ચંદ્રીકાબેન મહીડાએ તાલીમાર્થીઓની યાદી તેમજ તાલીમ કાર્યક્રમની વ્યવસ્થા સંબંધી બાબતો સંભાળી હતી. સંસ્થાના ડાયરેકટર ધીરૂભાઈ વાગડીયાએ ઉપસ્થિત રહી સંસ્થાની ચાલતી કામગીરી તથા બહેનોને રોજગારીના વિકલ્પો સંબંધી માહિતી આપી હતી. સંસ્થા દ્વારા ચાલના બાળકો અને મહિલાઓ માટેના સહાયતા કેન્દ્રની વિગતો રજુ કરતા સંસ્થાના કાર્યકર નયનાબેન ગોંડલિયા એ પોલીસ સાથે રહી સ્ત્રીઓ પર થતી હિંસાના મુદે સંસ્થા જે કાર્ય કરી રહી છે તેની વિગતો તેમજ જેન્ડર એજયુકેશન પર છણાવટ કરી હતી.

**આનંદ એ દૈવી ઔષધ છે કે દરેકે તેમાં સ્નાન કરવું જોઈએ.**

## NSS CAMP AMRUTVEL

તા.૩/૧/૨૦૧૨ના રોજ સાવરકુંડલા ની વી.ડી.ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ દ્વારા આયોજિત એનએસએસ કેમ્પ, અમૃતવેલમાં પ્રોગ્રામ ઓફિસર પ્રતિમાબેન એમ.શુકલ દ્વારા આયોજીત થયો.

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના ધીરૂભાઈ વાગડીયા, રાજેશ રાઠોડ, નયના ગોંડલીયા, ભરતભાઈ વાળા તથા મનોજભાઈ મોરી વિગેરે કાર્યકર્તાઓએ મુલાકાત લીધી હતી.

ઉપસ્થિત મહેમાનોનું ભેટ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત એક સરસ નાનકડા ગરબાથી કરવામાં આવી હતી. ત્યાર પછી સ્ત્રીઓ સામે થતી હિંસા, મહિલા અને બાળકો માટેના સહાયતા કેન્દ્ર તથા જેન્ડર વિશે પ્રેઝન્ટેશન દ્વારા વિવિધ માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં એન. એસ. એસ કેમ્પની બહેનો, કોલેજના પ્રોફેસરો ઉપરાંત ગામ લોકો ખાસ કરીને મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

સંસ્થાના કાર્યકરોએ આપેલ વિગતોને અનુરૂપ એન. એસ. એસ. કેમ્પમાં ભાગ લઈ રહેલી બહેનોએ દ્વારા સ્ત્રીજાગૃતિ વિષે નાટકો ઉપરાંત વિવિધ કાર્યક્રમો યોજી લોકોને મનોરંજન સાથે માહિતી આપી હતી.

## NSS CAMP UMARIYA

તા.૨૩/૧/૨૦૧૨ થી કે. કે. પારેખ કોમર્સ કોલેજના એનએસએસ પ્રોગ્રામ હેઠળ આ વર્ષે ખાંભા તાલુકાના ઉમરીયા ગામે કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. પ્રોગ્રામ ઓફીસરશ્રી પ્રો. જે. એમ. તળાવીયાની આ વિસ્તારમાં લોકો સાથેની ઓળખને લઈ લોકોનો આ કાર્યક્રમમાં ખૂબજ સહયોગ પ્રાપ્ત થયો છે. કાર્યક્રમના ઉદઘાટનમાં સ્થાનિક સંસ્થાઓ તથા ગામલોકોએ વ્યવસ્થાલક્ષી કાર્યોમાં ખડેપગે રહેવા ખાત્રી આપી હતી અને તે મુજબ કેમ્પના સ્થળે સતત ગ્રામ્ય આગેવાનોની હાજરી રહેવા પામી હતી. આ જ ગામના વતની અને અવિરત એગ્રો પ્રોડયુસર કંપનીના ચેરમેન શ્રી કનુભાઈ નસીત પણ સતત હાજર રહી માર્ગદર્શન આપતા રહયા હતા.

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની આ વિસ્તારની કામગીરીમાં રોકાયેલ વિપુલભાઈ તથા અશોકભાઈએ પણ અવારનવાર કેમ્પમાં હાજર રહી જરૂરી ગામલોકો સાથેની મીટીંગમાં સંસ્થાના કાર્યત્ર્યમો જેવા કે, ખેતી, તાલીમ, જેન્ડર, સ્ત્રી હિંસા, મહિલા અને બાળ સહાયતા કેન્દ્ર વિષે માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના ડાયરેકટર ધીરૂભાઈ તથા સુરેશભાઈએ તા. ૨૬ ના રોજ હાજર રહી બહેનો સાથે વાર્તાલાપ કર્યો હતો.

**જે માણસ જુઠૂં બોલતાં ડરે છે, તે પછી બીજા કસાથી ડરતો નથી.**

## ચડે પડે જીભ વડે જ માનવી

*ચડે પડે જીભ વડે જ માનવી*
*"કોયલડીને કાગ વાને વરતાય નહિ,*
જીભલડી માં જવાબ સાચું સોરઠીયો ભણે"

દરેક મનુષ્યના જીવનમાં જીભ મહત્વનો ભાગ ભજવે છે. તે મનુષ્યના જીવનમાં સ્વર્ગ રચી શકે છે તેમ તેના જીવનને કુરૂક્ષેત્ર પણ બનાવી શકે. આંધળાનો પુત્ર આંધળો એવા શબ્દો દ્રોપદીના શબ્દો એ મહાભારત સર્જયુ. જીભમાં અમૃત છે તેમ ઝેર પણ છે.

આપણો રોજબરોજનો વ્યવહાર જીભ વડે જ ચાલે છે જેની જીભ જેટલી મીઠી તેનો તેટલો રોજિંદો વ્યવહાર સુખદ. ઘરમા કુટુંબીજનો સાથે મીઠી જીભ સંબંધો મીઠા રાખે છે. મીઠી જીભ એટલે વાણીની મીઠાશ. વેપારીઓ પોતાની મીઠી જીભ વડે ગ્રાહકોને આકર્ષી શકે છે. કર્મચારી પોતાની મીઠી જીભ વડે ઉપરી અધિકારીઓને રીઝવી શકે છે. આપણે આપણી મીઠી જીભ વડે શાળામાં, કચેરીમાં, બેન્કમાં કે બજારમાં આપણા કામો કરાવી શકીએ છીએ. કથાકારો, નેતાઓ પોતાની મીઠી જીભ વડે જ હજારો લોકોને આકર્ષી શકે છે.

મનુષ્યની ઓળખ તેની જીભ વડે જ થાય છે ઘણી વખત આંતરરાષ્ટ્રીય સંબંધોમાં પણ મીઠી જીભનું ઘણું મહત્વ છે. વડાપ્રધાનને બીજા પ્રતિનિધીઓ સાથે વાતચીત કરતી વખતે શબ્દો તોળી તોળીને બોલવા પડે છે. એમના શબ્દો પર દેશના વેપાર, વાણિજય અને સલામતી પર આધાર રાખે છે. મીઠી જીભ વડે મનુષ્ય તેના જીવનમાં ધારી સફળતા મેળવી શકે છે જયારે કડવી જીભ વડે મનુષ્યનું પતન થાય છે મનુષ્ય ભલે રૂપાળો હોય, શ્રીમંત હોય કે ઉચ્ચહોદો ધરાવતો હોય પરંતુ જો તેની જીભ કડવી હશે તો તેને કોઈનો પ્રેમ કે આદર મળશે નહિ. કડવી જીભ વડે વેપારી પોતાના ગ્રાહકો ગુમાવશે માલિક કડવી જીભ વાપરશે તો મજૂરો કામ બગાડશે અને હડતાલ પાડશે. કચેરીઓમાં કડવી જીભ વાપરવાથી આપણાં કામો બગડી જશે, શિક્ષકો કડવી જીભ રાખશે તો તેમને વિદ્યાર્થીઓ અને વાલીઓનો પ્રેમ મળી શકશે નહી, વિદ્યાર્થીઓ કડવી જીભ રાખશે તો તેઓ વિદ્યા મેળવી શકશે નહિ. વિદ્યા વિનયથી શોભે છે રાજકીય વ્યકિતઓ કડવી જીભનો ઉપયોગ કરશે તો મતદારોના મત ગુમાવશે. કડવી જીભ વડે સંબંધો બગડે છે તેના લીધે કયારેક મારામારી કે ખૂન પણ થઈ શકે છે. આપણે જીભ પર લગામ રાખીએ જે બોલીએ તે વિચારીને બોલીએ કોઈને કડવું ઔષધ આપવુ પડે તે મધ સાથે ભેળવીને આપવાનો રિવાજ છે. આપણે ભલે ઓછું બોલીએ, પણ મધુર બોલીએ જે વેદોનો પણ એ જ સાર છે કે અર્થાત સત્ય બોલવું અને પ્રિય બોલવું. સત્ય હોય પણ અપ્રિય હોય તો ન બોલવું.

***સંકલન : રાજેશ રાઠોડ***

***શ્રદ્ધા અને સમર્પણ વડે કરેલી સાધના જ સફળ થાય છે.***

## પંગારબારી કલસ્ટર

ઘરમપુર તાલુકાના પંગારબારી રેન્જનાં ૫ ગામો પીપરોળ, પીડવળ, પંગારબારી, ઉલસપીંડીં, સામરસીંગી ગામના કલસ્ટર પ્રોજેકટ તૈયાર કરવામાં આવેલા જેમાં કુલ ૭૭૭ કુંટુંબો અને ૫૪૪૬ માનવ વસ્તી છે. જે પૈકી ૬૪૫ કુટુંબો ગરીબીરેખા હેઠળ છે. કલસ્ટરમાં ૩૪૦ જેટલા કુટુંબો ખેતીની જમીન ધરાવે છે અને ૪૩૪ જેટલા કુટુંબો જમીન વિહોણા છે. કુંટુંબદિઠ વાર્ષિક આવક સરેરાશ ૧૦ થી ૧૫ હજાર જેટલી છે આ વિસ્તારની કુલ જંગલ જમીન ૨૪૧૧.૧૩ હેકટર છે.



આવક–વૃધ્ધિ માટે કલસ્ટર પ્રોજેકટ તૈયાર કરવામાં આવેલા જેમાં તેમની આવક રૂ.૧ લાખ સુધી પહોચાડવા અલગ–અલગ પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવશે. જમીન સુધારણા માટે જમીન લેવલીગ, પિયત સુવિધા અને વ્યવસ્થા માટે કુવા, શાકભાજીની ખેતી માટે બીયારણ, ડેરી ડેવલોપમેન્ટ માટે સારી ઓલાદના પશુ ગાય, ભેંસ, પુરા પાડવા, ઉર્જા વૈકલ્પિક સાધન માટે સ્મશાન સગડી, માળખાગત સુવિધા માટે રસ્તા વિકાસ જેવી અનેક સુવિધા પુરી પાડવામાં આવશે. આ ઉપરાંત દરજીકામ, કડિયાકામ, હેન્ડપંપ રીપેરીગ, સેન્ટીગ અને કોમ્પ્યુટર મિકેનીક જેવી તાલીમો પણ આપવામાં આવશે. જેનો ખર્ચ અંદાજે ૩,૪૭,૨૬૪ જેટલો થશે.

**ધ્યેય જેટલું મહાન તેટલો જ તેનો માર્ગ લાંબો અને વિકટ.**

## કરીયાવર

હરખ ભેર હરીશભાઈ એ ઘરમાં પ્રવેશ કર્યો સાંભળ્યું? અવાજ સાંભળી હરીશભાઈ નાં પત્ની નયનાબેન હાથમાં પાણીનો ગ્લાસ લઈને આવ્યાં. આપણી સોનલ નું માંગું આવ્યું છે ખાધેપીધે સુખી ઘર છે. છોકરા નું નામ દિપક, બેન્કમાં નોકરી કરે છે. સોનલ હા કહે એટલે સગાઈ કરી દઈએ. સોનલ એકની એક દીકરી હતી. ઘરમાં કાયમ આનંદ નું વાતાવરણ રહેતું હા કયારેક હરીશભાઈનાં સિગારેટ અને પાન–મસાલાનાં વ્યસનને લઈને નયનાબેન અને સોનલ બોલતા પણ હરીશભાઈ કયારેક ગુસ્સામાં અને કયારેક મજાકમાં આ વાત ટાળી દેતા. સોનલ ખુબ સમજદાર અને સંસ્કારી હતી. એસએસસી પાસ કરીને ટયુશન, ભરતકામ, કરીને પપ્પાને મદદરૂપ થવાની કોશિશ કરતી, હવે તો સોનલ ગ્રેજયુએટ થઈ ગઈ હતી અને નોકરી કરતી હતી હરીશભાઈ એની આવકનો એક રૂપિયો લેતા નહિ અને કાયમ કહેતા બેટા આ તારી પાસે રાખ તારે ભવિષ્યમાં કામ લાગશે. બંને ઘરની સહમતી થી સોનલ અને દિપકની સગાઈ કરી, લગ્નનું મુહર્ત પણ જોવડાવી દીધું. લગ્નને આડે હવે પંદર દિવસ બાકી હતા. હરીશભાઈ એ સોનલને પાસે બેસાડીને કહયું બેટા તારા સસરા સાથે મારી વાત થઈ, એમણે કરિયાવરમાં કંઈ જ લેવાની નાં કહી છે, ના રોકડ, ના દાગીના અને નાં તો કોઈ ઘરવખરી, તો બેટા તારા લગ્ન માટે મે થોડી બચત કરીને રાખી છે એ આ બે લાખનો ચેક હું તને આપું છું. તારે ભવિષ્યમાં કામ લાગશે, તું તારા એકાઉન્ટ માં જમા કરાવી દેજે. ભલે પપ્પા સોનલ ટુંકો જવાબ આપીને પોતાના રૂમમાં જતી રહી. સમય ને જતા કયાં વાર લાગે છે? શુભ દિવસે આંગણે જાન આવી, સર્વેનાં હરખનો પાર નથી. ગોરબાપા એ ચોરીમાં લગ્નની વિધિ શરૂ કરી ફેરા ફરવાની ઘડી આવી, કોયલનો જેમ ટહુકો થાય એમ સોનલનાં હૈયેથી બે શબ્દો નીકળ્યાં ઉભા રહો ગોરબાપા મારે તમારા બધાની હાજરીમાં મારા પપ્પાની સાથે થોડી વાત કરવી છે. "પપ્પા તમે મને લાડકોડ થી મોટી કરી, ભણાવી, ગણાવી ખુબ પ્રેમ આપ્યો એનું ઋણ તો હું ચુકવી નહિ શકું પરંતુ દિપક અને મારા સસરાની સહમતીથી તમે આપેલો બે લાખ રૂપિયાનો ચેક તમને હું પાછો આપું છું, એનાથી મારા લગ્ન માટે કરેલું ભારણ ઉતારી દેજો અને ત્રણ લાખ નો બીજો ચેક જે મારા પગારમાંથી કરેલ બચત છે, જે તમે નિવૃત થશો ત્યારે કામ લાગશે, હું નથી ઈચ્છતી કે ઘડપણમાં તમારે કોઈની પાસે હાથ લંબાવવો પડે. જો હું તમારો દીકરો હોત તો આટલું તો કરત જ ને!!! હાજર રહેલા બધાની નજર સોનલ ઉપર હતી "પપ્પા હવે હું તમારી પાસે કરિયાવરમાં જે માંગું એ આપશો? હરીશભાઈ


**જુઠનાં અસંખ્ય રૂપ હોય છે, જયારે સત્યનું ફકત એક જ રૂપ હોય છે.**

ભારે આવાજમાં હા બેટા, એટલું જ બોલી શકયા, તો પપ્પા મને વચન આપો કે આજ પછી તમે સિગારેટને હાથ નહિ લગાવો, તમાકુ, પાન–મસાલાનું વ્યસન આજથી છોડી દેશો. બધાની હાજરીમાં હું કરિયાવરમાં બસ આટલું જ માંગુ છું. દીકરીનો બાપ ના કેવી રીતે કહી શકે. લગ્નમાં દીકરીની વિદાય વખતે કન્યા પક્ષનાં સગાઓને તો રડતાં જોયા હશે પણ આજે તો જાનૈયાની આંખો પણ ભીંજાઈ ગઈ. દુરથી હું સોનલનાં આ લક્ષ્મી સ્વરૂપ ને જોતો જ રહયો, ૨૦૧ રૂપિયાનું કવર મારા ખિસ્સામાંથી બહાર કાઢી શકયો નહિ. સાક્ષાત લક્ષ્મી ને હું શું લક્ષ્મી આપું!!

**પણ એક સવાલ મારા મનમાં જરૂર થયો, ''ભૂણહત્યા કરતા સમાજનાં સંસ્કારી લોકોને સોનલ જેવી લક્ષ્મી ની જરૂર નહિ હોય ???**

સ્ત્રોત : વાયા ઈમેઈલ શ્રી એચ. આર. ઝરીયા

***સ્ત્રીને ઘરેલુ હિંસા સામે રક્ષણ અધિનિયમ સ્ત્રીની આર્થિક, માનસિક અને સામાજીક પરિસ્થિતી ઘ્યાનમાં રાખી તેને હિંસા સામે રક્ષણ પ્રદાન કરાવે છે. આ અધિનિયમ ઘરેલુ હિંસાને વ્યાખ્યાયિત કરે છે અને ઘરમાં મહિલાના હિંસા મુકત જીવન જીવવાના અધિકારને માન્યતા આપે છે.***



## નેતાજીનો જન્મદિવસ

''તુમ મુજે ખુન દો મે તુમ્હે આઝાદી દુંગા'' આવો બુલંદી નારો આપનાર સુભાષબાબુ નો ૨૩મી જાન્યુ. એ જન્મજયંતિ ગઈ.

૪૮વર્ષના તેઓના જીવનકાળના ૧૦ વર્ષ તો તેઓએ જેલમાં વીતાવ્યા હતા. તેઓએ કોયકના નગરપાલિકાના મુખ્ય  કારોબારી અધિકારી, રાષ્ટ્રિય કોલેજના પ્રિન્સીપાલ, ફોરવર્ડ દૈનિકના તંત્રી, બંગાલ કોંગ્રેસના પ્રમુખ, ઓલ ઈન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસના અધ્યક્ષ જેવા હોદા ઉપરાંત ૧૯૩૫ માં કોંગ્રેસના પ્રમુખ તરીકે ચુંટાયા હતા. ૧૯૪૪માં આઝાદ હિંદ ફોઝની સ્થાપના કરી જાપાનીઝ ફોજ સામે ભારતમાં પ્રવેશ્યા હતા. તેઓ હંમેશા ગીતા સાથે રાખતા હતા. સુભાષચંદ્રબોઝનાં ટુંકા જીવનકાળની ગતિવિધિઓ જે તેને નેતાજી કહેરાવે છે. આ બધી બાબતો આપણે હાલની નેતાગીરી સાથે સરખાવવાથી ખ્યાલ આવે કે હિન્દુસ્તાનીઓ આ મરદ માણસને નેતાજી કહેતાં શા માટે ગૌરવની લાગણી અનુભવે છે ?

***ચોપડીઓ મગજમાં ભરવી એનું નામ વિદ્યા નથી.***

**Well wisher of this month**

| | |
|---|---|
| Vishal Raut | 840 |
| Vipul Sheladia | 1600 |

## પ્રિય વાચક મિત્રો,

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

– ટપક ટીમ

Engage on this month

| | |
|---|---|
| 3 | VAW-Gender concept clear in NSS camp Amrutvel |
| 5 | Quarterly review of VHSC, A'bd |
| 7 | SKVAW network meeting,Amreli |
| 7-8 | Health workshop Junagadh |
| 9 | tra. of SC women, Champathal |
| 11-13 | DRR training -Ahmdavad |
| 9-11 | Tra. of Nyay samiti members, A'bd |
| | 12 Documentation meeting MSA |
| 16 | Start Aribharat and beauty parlour training, Prachi (Sutrapada) |
| 18-20 | Financial literacy campaign Balana, Rohisa and Kadiyali (Jafarabad) |
| 23&26 | NSS camp Umariya visit and pruvide necessaryinformation |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**જરૂરીયાત અને ઈચ્છા વચ્ચેનો જે ભેદ પારખે તે સાચું સુખ પ્રાપ્ત કરી શકે.**